# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૪/ક્વા-03/૨૦૨૦-૨૧/૦૮ તા.૧૧.૦૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૪/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ભાગ્યેશ કાળાભાઈ જોટવા ગામ – જુનાગઢ

સબડીવીઝન: સેટેલાઈટ-જુનાગઢ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ શહેર

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: મંગળવાર (૨૯.૧૨.૨૦૨૦)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, જય ભારત સાથે આપને જણાવવાનું કે હું ઉપરોક્ત ભાગ્યેશ કાળાભાઈ જોટવા ઘર કનેક્શન ધરાવું છું મારો ગ્રાહક નંબર ૮૫૦૨૭/૦૯૪૨૮/૦ છે. તે બાલાજી પેલેસ મધુરમ બસ સ્ટેન્ડ પાસે છે બ્લોક નંબર ૩૦૪ છે.

મારુ મકાન જૂન ૨૦૧૭ પછી બંધ હતું (કોઈનું નિવાસ ન હતો) જેથી વપરાશ ઝીરો હતો તેમજ નવેમ્બર સુધી એજ બીલ ઝીરો આવતું કારણ વપરાશ નહીં.

પરંતુ તારીખ ૧૬/૧૧/૨૦૧૭ ના રોજ કચેરી દ્વારા મીટર બદલાવવામાં આવ્યું અને હવે પછી જાન્યુઆરી ૨૦૧૮ થી મેં ૨૦૧૮ સુધી પણ વપરાશ ન હોવાથી બિલ ઝીરો આવતુ આમ મીટર બદલવા છતાં કોઈ ફરક ન હતો ત્યારબાદ અમે વરપરા શરૂ કર્યો અને બિલ પણ વપરાશ મુજબ આવતું જે અમો રેગ્યુલર ભરતા હતા.

સપ્ટેમ્બર ૨૦૨૦ માં અમોને જણાવવામાં આવ્યું કે અમારા બિલના રૂપિયા અંકે ૧૧૯૭૨.૧૯/- બાકી છે આ જાણ થી આશ્ચર્ય થયું.

અમો તારીખ ૧૯.૦૯.૨૦૨૦ ના રોજ એક પત્ર દ્વારા જુનાગઢ બને ઓફિસમાં જાણ કરેલ છે. (૧) કાર્યપાલક કચેરી ઝાંઝરડા રોડ, જુનાગઢ પીજીવીસીએલ અને (૨) કાર્યપાલક ઈજનેર કચેરી આઝાદ ચોક જુનાગઢ પીજીવીસીએલ તેમ છતાં કોઈ પ્રત્યુતર ન મળતા આપ શ્રી ને પણ સૂચિત કરું છું કે આ બિલ ખોટી રીતે આપેલ છે તો આપશ્રી દ્વારા ચકાસણી કરી નિરસ્ત કરવા અનુરોધ કરું છું.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સેટેલાઈટ-જુનાગઢ પેટા વિભાગીય કચેરી હેઠળ કચેરીના ગ્રાહકશ્રી ભાગ્યેશ કાળાભાઈ જોટવા ગ્રાહક નંબર ૮૫૦૨૭/૦૯૪૨૮/૦ ને માહે એપ્રિલ-૧૮ થી માર્ચ-૧૯ ના સમય ગાળાના ઓડિટ રીપોર્ટ મુજબ તેઓને બિલ રકમ રૂ. ૧૧૯૭૨.૧૯/- નું ઘર વપરાશ ના મીટર ડિફેક્ટિવ ના એવરેજ યુનિટ ૧૫૨૨ નું રિકવરી નું પુરવણી બિલ આપવામાં આવેલ.સદર વીજ જોડાણ નો જાન્યુઆરી-ફેબ્રુઆરી- ૧૭ થી મે-જૂન -૧૭ એમ કુલ ત્રણ બિલિંગ નો નોન વીજ વપરાશ હોય,અરજદાર શ્રી ની રજૂઆત તથા નાયબ ઈજનેરશ્રી ના અભિપ્રાય મુજબ જે બાબત ની કુલ રકમ રૂપિયા ૧૧૯૭૨.૧૯/- નું ક્રેડિટ એડ્જેસ્ટ્મેંટ ગ્રાહક ખાતે જમા આપતા અરજદારશ્રી નું તા. ૧૯.૧૧.૨૦૨૦ ના રોજ ફરિયાદ નું સુખદ નિવારણ થયેલ છે.

૨.૩ આથી ઉપરોક્ત બાબતે ગ્રાહકને તેમની ફરીયાદ/રજુઆત અન્વયે સંતોષકારક નિરાકારણ થયેલ હોય આથી અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તે બદલ અત્રેની સેટેલાઈટ પેટા વિભાગીય કચેરીએ રૂબરૂ તારીખ- 03.૧૨.૨૦૨૦ નાં રોજ આવી સમાધાન પુર્શીશમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.0 અન્વયે પેરા નં. ૨.3 મુજબ પીજીવીસીએલ કંપની ની સેટેલાઈટ કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ સેટેલાઈટ કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.03.૧૨.૨૦૨૦ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષા એથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

3.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |